## શ્લોક: ૧૨

દૃષ્ટ્વા ભવન્ત - મનિમેષ - વિલોકનીયં
નાન્યત્ર તોષ - મુપયાતિ જનસ્ય ચક્ષુ:
પીત્વા પય: શશિકર - દ્યુતિ દુગ્ધસિન્ધો:
ક્ષારં જલં જલનિધે - રસિતું ક ઇચ્છેત્ (૧૧)

**શબ્દાર્થ:**

દૃષ્ટ્વા = જોઈને, ભવન્તં = આપને, અનિમેષ = ટગર ટગર,
વિલોકનીયં = જોવા લાયક, ન = નહિ, અન્યત્ર = બીજે ક્યાંય,
તોષં = સંતોષને, ન ઉપયાતિ = પામતું નહિ, જનસ્ય = લોકોના,
ચક્ષુ: = આંખો, પીત્વ = પીને, પય: = પાણી, શશિકર =
ચંદ્રના કિરણો જેવા, દ્યુતિ = કાંતિવાળા, દુગ્ધસિન્ધો: =
ક્ષીરસમુદ્રના, ક્ષારં = ખારા, જલં = પાણીને, જલનિધે: =
સમુદ્રના, રસિતું = પીવા માટે, ઇચ્છેત્ = ઇચ્છે, ક = કોણ.

દષ્ટ્વા ભવન્ત અનિમેષ વિલોકનિયં...

(૧૧)

શબ્દાર્થ:

હે દેવ!

ચંદ્રના કિરણો જેવું ઉજ્જવળ ક્ષીરસમુદ્રનું પાણી પીધા પછી લવણસમુદ્રનું ખારું પાણી પીવા કોણ ઇચ્છે? તેમ હે પ્રભુ! અનિમેષ નયને, વારંવાર જોવા લાયક આપને જોયા પછી અમારી દૃષ્ટિ બીજે ક્યાંય સંતોષ પામતી નથી.

## ભાવાર્થ:

ભક્તામર સ્તોત્ર રચવાનો હેતુ શરૂઆતના દસ શ્લોકોમાં પ્રગટ કર્યા પછી અગિયારમા શ્લોકથી આ પ્રભુ અન્ય દેવો કરતા શા માટે વધુ પૂજનીય છે તે ઉદાહરણ સહિત દર્શાવે છે. આ શ્લોકમાં આચાર્યજી બે પ્રકારના સમુદ્રના પાણીની વાત કરે છે. દુગ્ધસિન્ધો: એટલે ક્ષીરસમુદ્રનું પાણી અને ક્ષારં જલં જલનિધે: એટલે લવણ સમુદ્રનું ખારું પાણી.

જૈન ભૂગોળ પ્રમાણે આપણે જે પૃથ્વી પર છીએ તે જંબુદ્વિપમાં આવેલા ભરતક્ષેત્રનો એક ખંડ છે. જંબુદ્વિપ મધ્યલોકના કેન્દ્રમાં છે. તેને ફરતો લવણ સમુદ્ર છે જેનું પાણી ખારું છે. તેને ફરતો દ્વિપ અને પછી સમુદ્ર... આમ અસંખ્ય દ્વીપ સમુદ્રો છે. પાંચમા સમુદ્રનું નામ ક્ષીર સમુદ્ર છે. તેનું પાણી સ્વાદમાં દૂધ જેવું અને રંગમાં ચંદ્ર જેવું ઉજ્જવળ

છે. તેના જળથી મેરૂ પર્વત ઉપર તીર્થંકર પ્રભુનો અભિષેક થાય છે.

અહીં આચાર્યશ્રી માનતુંગસૂરીજી કહે છે કે જેણે ક્ષીર સમુદ્રના પાણીનો સ્વાદ ચાખ્યો હોય તે લવણસમુદ્રનું ખારું પાણી કેમ પીએ? હે દેવાધિદેવ! આપ તો અતીન્દ્રિય શાંતિના સમુદ્ર છો. શુદ્ધ ચૈતન્યનો રસાસ્વાદ માણ્યા પછી સમગ્ર જીવનને ડહોળનારા કષાયોનો સ્વાદ કોણ લે? આત્માનો અતીન્દ્રિય રસ માણ્યા પછી ઇંદ્રિયવિષયોમાં કોણ રમે? શાંતરસના મીઠા સ્વાદ પાસે કડવા કષાયોનો રસ કોણ પીએ? આપનું શાંત વીતરાગ સ્વરૂપ જોયા પછી કોઈ તત્ત્વ અમારા ચિત્તને આકર્ષી શકતું નથી.

પ્રભુ! આપનું રૂપ એવું ખીલ્યું છે કે હવે દ્રષ્ટિ અનિમેષપણે થંભી ગઈ છે. આપનું

અંદરનું અને બહારનું શુદ્ધ સ્વરૂપ જોયા પછી પ્રગટ થયેલું સમ્યગદર્શન હવે ક્યારેય જવાનું નહિ એવો વ્યવહાર નય થી વિચારીએ. જ્યારે કોઈપણ કાર્યમાં સ્વાર્થ હોય ત્યારે મીઠાશ ચાલી જાય છે અને ખારાશ આવે છે. અને જો કાર્યમાં નિષ્કામ વૃત્તિ હોય છે ત્યાં મીઠાશ આવે છે.

પ્રભુ કોઈપણ પ્રકારના બદલાની આશા વગર સર્વ જીવોનું કલ્યાણ ઈચ્છે છે. માટે તેમનું દિવ્યરૂપ અને વિતરાગી સ્વરૂપ આ વિશ્વમાં સૌથી સુંદર અને અવર્ણનીય છે. તેમની ચેતના સાથે સંબંધ બંધાય તો તેમના ગુણો, નિરખનારમાં પ્રવેશ પામે છે. આથી ઉલટુ, અવગુણોથી ભરેલા જીવોની ચેતના સાથે સંબંધ બંધાય તો તેમના અવગુણો નિરખનારમાં પ્રવેશ પામે છે. સદ્ગુણો પામતા આત્માની મીઠાશ અનુભવાય છે અને અવગુણો પામતા સંસારની ખારાશ અનુભવાય છે. આ પરિસ્થિતિમાં કોણ જીવ ખારું પાણી પીવાની ઈચ્છા કરે ?